## જન્મદિને વધામણી



જયંતકુમાર ધનજીભાઈ ગોહિલ
મો. ૯૮૭૯૧ ૪૩૭૮૮



કે યુ ચાવડા
મો. ૯૪૨૯૬ ૩૩૧૧૩



યશ પોપટલાલ નાયી
મો. ૭૦૩૩૭ ૧૧૦૮૯



ઋગ્વેદ સંદીપ જગતાપ
મો. ૯૮૨૪૦ ૦૩૦૧૨

જી ઈ ક્લબના સહયોગથી

# પ્રેરણા વિદ્યાલય દ્વારા ૨૦મી એપ્રિલથી "કલા તાલીમ શિબિર"નું આયોજન

## ડ્રોઈંગ, કથ્થક, વેસ્ટર્ન ડાન્સ, રાસ, ગરબા, લોક નૃત્ય, કરાટે, પર્સનાલિટી ડેવલપમેન્ટ, નાટક, તબલાં, મહેંદી જેવી કલાઓની તાલીમ બાદ સ્ટેજ શોની તક પણ અપાશે

ગાંધીનગર, તા. ૭

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ દ્વારા આગામી તા. ૨૦ એપ્રિલથી ૨૯ એપ્રિલ દરમ્યાન કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર બાદ તાલીમાર્થીઓને સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સર્જનશીલ બાળકો-યુવાનો વૅકેશનના સમયનો સદુપયોગ કરી શકે અને પોતાની પસંદગીની કલાની વ્યવસ્થિત તાલીમ મેળવી કલાભિમુખ બની શકે તે હેતુથી નગરના રજિ. ચેરીટેબલ ટ્રસ્ટ જી ઈ ક્લબ દ્વારા વર્ષ ૧૯૯૯થી કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં પ્રતિ વર્ષ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ભાગ લે છે. ગત બે વર્ષથી પ્રેરણા વિદ્યાલય પણ આ સર્જનશીલ અભિગમમાં જોડાઈ છે અને ગત વર્ષે બંને સંસ્થાઓએ સાથે મળીને સફળતાપૂર્વક કલા તાલીમ શિબિરનું આયોજન કર્યું હતું. આ વખતે પણ એ જ રીતે કલા તાલીમ શિબિરનું આયોજન બંને સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં શહેરમાં અને શહેર બહાર વસતાં તમામ બાળકો ભાગ લઈ શકે છે.

તા. ૨૦ એપ્રિલથી ૨૯ એપ્રિલ દરમ્યાન સવારના સમયે આ શિબિર અંતર્ગત તાલીમનું આયોજન કરાયું છે, જેમાં તબલાં વાદન, ડ્રોઈંગ, કથ્થક, વેસ્ટર્ન ડાન્સ, રાસ, ગરબા, લોક નૃત્ય, કરાટે, પર્સનાલિટી ડેવલપમેન્ટ, નાટક, મહેંદી અને ઓરીગામી (જાપાની પેપર આર્ટ)ની તાલીમ આપવામાં આવશે. સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરનાર તાલીમાર્થીને સંસ્થા તરફથી પ્રમાણપત્ર તથા સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

ઓછામાં આછા ૮ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષની વયનાં બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકશે.

શિબિરમાં પ્રવેશ મેળવવા હેતુ સવારે ૮થી ૧૧ દરમ્યાન પ્રેરણા વિદ્યાલ, સેક્ટર-૫ એ (ફોન નંબર ૨૩૨૪૬૦૦૭ અથવા મોબાઈલ નં. ૯૪૨૬૩ ૫૯૫૨૨) ખાતેથી ફોર્મ મેળવી ભરી દેવા તેમના દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલનો પાટોત્સવ ભારે દબદબાપૂર્વક ઉજવાયો



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલનો પાટોત્સવ તથા સદ્ભાવ અમૃત પર્વ ભારે દબદબાપૂર્વક ઉજવાયો. પાટોત્સવ અંતર્ગત બે દિવસીય પર્યાવરણ રક્ષણ શિબીરનું પણ આયોજન કરાયુ હતુ. આ પ્રસંગે સંસ્થાન તરફથી પક્ષીઓને પાણી પીવા માટે માટીના ૩૦૦થી વધુ માટીના કુંડા, બાજરી, જુવાર વિગેરે ચણનું તથા કીડીઓના દર માટે લોટ ચોખાનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતુ. પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે વર્તમાન સીઝન ઋતુ પરિવર્તનની અસરથી ગરમી-ઠંડીની અસર જોવા મળે છે. તેમાં પર્યાવરણ અને અન્ય જીવો પ્રત્યે પણ આપણી ફરજ વધી જાય છે. પશુ-પંખી અને કીડી જેવા સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ માનવીની ફરજ બને છે કે તેનું પણ રક્ષણ કરીએ. દરેક મનુષ્ય જીવનમાં સંસ્કાર, શિક્ષણ અને સદ્ગુણોથી વિકસીત રહેવું, તેમજ વ્યસન અને ફેશનનો સદંતર ત્યાગ કરવા હાકલ કરી હતી.

**ડાયરેક્ટ ❤ સે**

બધાં જ સાંભળશે
તમારા વિચારો
ઊંચા કરો
અવાજ નહીં

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
બાહુબલિ
૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિર્ઝા જુલિયટ
સવારે ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
લલ્લી કી શાદી મેં લડુ દિવાના
૧.૦૦

**સ્ક્રીન-૫**
મિર્ઝા જુલિયટ
૧૨.૩૦
નામ શબાના
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫



નર્મદા નિગમ મુખ્ય કચેરી ખાતે ફરજ બજાવતા કર્મચારી ઈશ્વરલાલ જયરામ રાઠોડ અને કાળાજી કાનાજી ઠાકોર વય નિવૃત્ત થતા હોઈ તેમના માટે વિદાય કાર્યક્રમનું આયોજન કચેરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિગમના કર્મચારી, અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમણે નિવૃત્ત થઈ રહેલા બંને કર્મચારીઓને સ્વસ્થ નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે વી જે સાવલિયા, ડાહ્યાભાઈ પટેલ, જી સી દરજી, કમલેશ બારોટ, મંથન ભટ્ટ, એ જે પટેલ, લલિતાબેન, પ્રીતિબેન, જયશ્રીબેન, મનોજ બેલાણી ઉપસ્થિત રહ્યા હતા. મંડળના કારોબારી સભ્યોએ જહેમત ઊઠાવી કાર્યક્રમને સફળતા બક્ષી હતી.

સરકારી નોકરી માટે

# કૉમ્પ્યૂટર કોર્સની ડિગ્રી હશે તો ટ્રીપલ સીમાંથી હવે મુક્તિ

## ઉચ્ચ કૉમ્પ્યુટર ડિગ્રીધારકોમાં આનંદની લાગણી

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી કોઈપણ પ્રકારની ભરતીમાં ઉમેદવારી નોંધાવતાં વ્યકિતએ ટ્રિપલ સી એટલે કે કોમ્પ્યૂટર કૌશલ્યની તાલીમ અને ટ્રિપલ સીનું સર્ટિફિકેટ જરૂરી છે. ભરતી માટે દરખાસ્ત કરનારા તમામ પાસે ટ્રિપલ સીની પરીક્ષા પાસ હોય તેનુ સર્ટિફિકેટ માંગવામાં આવે છે. ઉમેદવાર તમામ રીતે લાયક હોય અને ટ્રિપલ સીની પરીક્ષા આપી ન હોય તો પણ તેની નિમણૂક માન્ય ગણવામાં આવતી નથી. જો કે હવે કોમ્પ્યૂટરને લગતા કોર્સ અથવા તો એન્જિનિયરિંગને લગતા કોઈ કોર્સમાં ડિગ્રી મેળવી હોય તો તેમને ટ્રિપલ સીની પરીક્ષા આપવામાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજય સરકારના કોઈપણ વિભાગમાં સીધી ભરતી માટે ટ્રિપલ સી એટલે કે કોમ્પ્યૂટર નોલેજની જાણકારી ફરજિયાત કરવામાં આવી છે. જે ઉમેદવારો નિમણૂક પામે તેમની પાસે ટ્રિપલ સીની પરીક્ષા પાસનું સર્ટિફિકેટ માંગવામાં આવે છે. આ ઉપરાંત ઉચ્ચપગાર ધોરણ અથવા તો પ્રમોશન માટે પણ સીસીસી અથવા તો સીસીસી પ્લસની પરીક્ષા પાસ ફરજિયાત ગણવામાં આવી છે. છેલ્લાં કેટલાંય વર્ષોમાં માસ્ટર ડિગ્રી અથવા તો કોમ્પ્યૂટરને લગતી ડિગ્રીઓ મેળવનારા ઉમેદવારો પણ સરકારી નોકરીઓમાં પસંદ થતાં હોય છે. આ ઉમેદવારો પાસેથી પણ નિયમ પ્રમાણે ટ્રિપલ સી સર્ટિફિકેટ માંગવામાં આવતાં હોય છે. ધીમે ધીમે સરકારના દરેક વિભાગમાં કોમ્પ્યૂટરની જાણકારી ધરાવતાં ઉમેદવારોની સંખ્યા વધી રહી છે. આ સંખ્યાને ધ્યાનમા લેતાં હવે આવા ઉમેદવારોને ટ્રિપલ સીના સર્ટિફિકેટ અથવા તો પરીક્ષા આપવામાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરવમાં આવ્યો છે, જેનાથી ઉચ્ચ કૉમ્પ્યુટર ડિગ્રીધારકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

### CCCમાંથી મુક્તિ કોને મળશે ?

(૧) એમ.ટેક, એમ.ઈ. કોમ્પ્યૂટર ઈજનેરી (૨) એમ.ટેક-એમ.ઈ. કોમ્પ્યૂટર સાયન્સ (૩) એમ. ટેક- એમ.ઈ. ઈન ઈન્ફોર્મેશન ટેકનોલોજી (૪) એમ.ટેક-એમ.ઈ. ઈન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી (૫) એમ.ટેક-એમ.ઈ. ઈન કોમ્પ્યૂટર સાયન્સ (૬) એમ.ટેક-એમ.ઈ. સોફ્ટવેર ઈજનેર (૭) એમ.ટેક-એમ.ઈ. કોમ્પ્યૂટર નેટવર્ક (૮) એમ.ટેક ઈન નેટવર્ક સિક્યોરિટી (૯) એમ.ટેક ઈન કોમ્પ્યૂટર એન્જિનિયરિંગ (૧૦) બી.ટેક-બી.ઈ. ઈન કોમ્પ્યૂટર ઈજનેરી (૧૧) બી.ટેક-બી.ઈ. કોમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઈજનેરી (૧૨) એમ.એસસી ઈન કોમ્પ્યૂટર સાયન્સ (૧૩) એમ.એસસી ઈન્ફોર્મેશન ટેકનોલોજી (૧૪) માસ્ટર ઈન કોમ્પ્યૂટર એપ્લિકેશન (૧૫) એમએસસી ઈન કોમ્પ્યૂટર સાયન્સ (૧૬) બી.એસસી ઈન કોમ્પ્યૂટર સાયન્સ (૧૭) બી.એસસી ઈન ઈન્ફોર્મેશન સાયન્સ (૧૮) ડિપ્લોમા ઈન કોમ્પ્યૂટર એપ્લિકેશન (૧૯) બીસીએ (૨૦) પીજીડીસીએ (૨૧) ડિપ્લોમા ઈન કોમ્પ્યૂટર ઈજનેરી વગેરેનો સમાવેશ કરાયો છે.

# દેશની ઈજનેરી કોલેજોમાં ૩૫ ટકા અધ્યાપકોની અછત

ગાંધીનગર, તા. ૭

દેશની ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોમાં ૩૫ ટકા અધ્યાપકોની ઘટ છે. આ ઉપરાંત કુલ ડિગ્રી ઈજનેર કોલેજોની બેઠકો પૈક ૪૫ ટકા બેઠકો ખાલી પડી રહે છે. આ સ્થિતિમાં હવે આગામી દિવસોમાં ડિગ્રી ઈજનેરી કોલેજોને મંજૂરી આપવામાં વિશેષ કાળજી લેવાશે તેમ હેકાથોનમાં ભાગ લેવા આવેલા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશનના ચેરમેન અનિલ સહસ્ત્રબુધ્ધે કહ્યું હતું. આ વખતે એપ્રિલના અંતમાં નવી કોલેજોને મંજૂરી અંગેની જાહેરાત કરવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરી હતી.

જીટીયુના ઉપક્રમે યોજાયેલી હેકાથોનમાં ભાગ લેવા આવેલા એઆઈસીટીઈના ચેરમેને કાઉન્સિલની કામગીરી અંગે ખુલીને કેટલીક વાતો કરી હતી. તેઓએ કહ્યું કે દેશની ઈજનેરી કોલેજોમાં ૩૫ ટકા અધ્યાપકોની ઘટ છે. જેની સીધી અસર ઈજનેરી અભ્યાસ પર પડતી હોય છે. કોલેજની મંજૂરી સમયે જ વિશેષ ધ્યાન આપીને યોગ્ય ન લાગે તો કોલેજની મંજૂરી અટકાવી દેવાશે. યુજીસી અને એઆઈસીટીઈ વચ્ચે ચાલતાં વિવાદના સંદર્ભમાં પુછતાં તેઓએ ખુલીને કશું કહેવા ઈન્કાર કર્યો હતો. પરંતુ તેઓએ કહ્યું કે હાલ તો ટેકનિકલ કાઉન્સિલ કાર્યરત છે. નવી કોલેજોની મંજૂરીની જાહેરાત ૧૦મી એપ્રિલ સુધીમાં કરી દેવામાં આવશે.






ચાલુ સપ્તાહ દરમિયાન ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા ખાતે 'ઉડાન-૨૦૧૭' વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાનાં તમામ બાળકોએ ગીત, નાટક, સ્કેટિંગ, આર્ચરી, રોપ, મલખમ, અભિનય, નૃત્ય, બાળનૃત્ય વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા રમતગમતને લગતી સુંદર કૃતિઓ રજૂ કરી હતી. કેજીથી ધોરણ-૧૧નાં તમામ બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. જે બાળકોએ ખેલ મહાકુંભ, ખેલો ઈન્ડિયા, રાજ્ય કક્ષાની રમતો તથા રાષ્ટ્રકક્ષાની રમતોમાં અને બૉર્ડની પરીક્ષામાં ઉત્તમ પ્રદર્શન કર્યું હતું તે તમામને શાળા દ્વારા શિલ્ડ તથા રોકડ પરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના ચૅરમૅન આશિષભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. મહેમાન, ટ્રસ્ટી, પ્રિન્સિપાલ તથા તમામ સ્ટાફ મિત્રોએ આ કાર્યક્રમમાં ભાગ લેનારાં બાળકોને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યાં હતાં.

# મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજમાં ઈનામ વિતરણ સમારોહ





એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીની બહેનોને ઈનામ વિતરણ તેમજ બી.એ. સેમ.-૬ તેમજ એમ.એ. સેમ.-૪ની વિદાય થઈ રહેલ વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ યોજાઈ ગયો. જેમાં સભાઅધ્યક્ષ એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટીના મંત્રી અશ્વિનભાઈ કે. પરીખ, મુખ્ય મહેમાન કડી નગરપાલિકાના પ્રમુખ કનુભાઈ પટેલ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, અતિથિ વિશેષ એમ.પી શાહ, એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ જયંતિભાઈ બી. શાહ, મંત્રી નલિનભાઈ એમ. શાહ, મુખ્યદાતા અનસૂયાબેન બી. પરીખ, કારોબારી સભ્યો જયદીપભાઈ બ્રહ્મભટ્ટ, અબ્દુલભાઈ દલાલ, સુરેશભાઈ પટેલ, અલ્પાબેન આચાર્ય, ભગીની સંસ્થાઓના આચાર્યો ડૉ. જી.ડી. ત્રિપાઠી, ડૉ. ક્રિસ્ટીના સિંઘ, દિપકભાઈ પટેલ, સે. ૨૧ ગાંધીનગર લાયબ્રેરીના લાયબ્રેરિયન જયરામભાઈ દેસાઈએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીની બહેનોને મનનીય પ્રવચન આપ્યુ હતુ. કાર્યક્રમની શરૂઆત પ્રા. મનસુખ પટોલિયા અને વિદ્યાર્થીની વૃંદની પ્રાર્થનાથી થઈ. મહિલા કોલેજના આચાર્યા ડૉ. હિનાબેન પટેલે મહેમાનોનું શાબ્દિક શાબ્દિક સ્વાગત કરતા સમગ્ર વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓનો ટુંકમાં ચિતાર રજૂ કર્યો. ડૉ. સંગીતાબેન આચાર્યએ સાંસ્કૃતિક અને સપ્તધારાની પ્રવૃત્તિઓ, ડૉ. આર.એમ. ચૌહાણ એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ, પ્રા. મધુબેન એસ. ઠાકોરે સ્પોર્ટસની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

ડિસેમ્બર-૨૦૧૬માં મહિલા કોલેજમાં નેકની વિઝીટ હતી જેમાં ૨.૪૮ સીજીપીએ સાથે કોલેજને હાયર 'બી' ગ્રેડ મળ્યો હતો. જેની સફળતા માટે અથાગ મહેનત અને કામગીરી કરવા બદલ સ્ટાફના તમામ સભ્યોને 'એપ્રિશિયેશન એવોર્ડ'થી સન્માનવામાં આવ્યા. સમગ્ર કોલેજ સ્ટાફ પરિવાર દ્વારા પ્રિ. ડૉ. હિનાબેન એમ. પટેલ તથા નેક સ્ટિયરીંગ કમિટીના કો-ઓર્ડીનેટર ડૉ. બી.ડી. ઢીલાને શાલ ઓઢાડી સન્માનીત કરવામાં આવ્યા.

ત્યારબાદ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બહેનોને સર્ટીફિકેટ અને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. દરેક વિષયમાં વિભાગ દ્વારા વિદાય થઈ રહેલ વિદ્યાર્થીનીઓને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી. વિદ્યાર્થીની બહેનોએ પણ કોલેજના અનુભવો રજૂ કર્યા.

એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટીના મંત્રી અશ્વિનભાઈ કે. પરીખે અનસૂયાબેન બાલકૃષ્ણ ભોગીલાલ પરીખના નામથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી લૉ કોલેજ શરૂ કરવાની જાહેરાત કરી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. બી.ડી. ઢીલા, પ્રા. જી.આઈ. મારૂ અને ડૉ. વંદનાબેન એસ. ઠક્કરે કર્યુ. સાંસ્કૃતિક કમિટીના ચેરમેન પ્રા. વર્ષાબેન બ્રહ્મભટ્ટ તથા કમિટીના સભ્ય ડૉ. વંદનાબેન એસ. ઠક્કરે કોલેજના આચાર્ય ડૉ. બિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કર્યો.

# રામનવમી શોભાયાત્રામાં રોટરી ક્લબની સાજેદારી



ગાંધીનગર, તા. ૭

દહેગામ નગરમાં વર્ષોથી પરંપરાગત રીતે નીકળતી રામનવમીની શોભાયાત્રામાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ રૉટરી ક્લબ, દહેગામ દ્વારા સક્રિયપણે ભાગ લેવામાં આવ્યો હતો. આ શોભાયાત્રામાં રૉટરી ક્લબ, દહેગામ દ્વારા પોતાનો ટૅબ્લો પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. રૉટરી ઈન્ટરનૅશનલના સહયોગથી ભારતમાં પોલિયો નાબૂદ કરી શકાયો છે એ થીમ ટૅબ્લો માટે નિયત કરવામાં આવ્યું હતું. ઉપરાંત હવે રૉટરીએ સંપૂર્ણ ભારતને સાક્ષર બનાવવાનું બીડું ઝડપ્યું છે એ બાબત પણ ટૅબ્લોમાં ઉજાગર કરાઈ હતી. સાથે-સાથે રૉટરી દહેગામના કાયમી પ્રૉજેક્ટ ફિઝીયોથેરાપી સૅન્ટર અને રૉટરી હૉલની સેવાઓને પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. શોભાયાત્રાની શરૂઆત નહેરૂ ચાર રસ્તા પાસે સ્થિત હનુમાનજી મંદિરથી થઈ હતી. આ યાત્રામાં પ્રમુખ જગદીશ પટેલ, પ્રૉજેક્ટ ચેરમૅન ચિલ્કેશ પટેલ, આસી. ગવર્નર તુલસી પટેલ, સૅક્રેટરી પલક શાહ, ટ્રેનર મહેશ પટેલ, ડૉ. જગદીશ જયસ્વાલ, ભરત પંચાલ, નીતિન પટેલ, હીરાલાલ પટેલ, હર્ષદભાઈ પટેલ, વિષ્ણુ ભટ્ટ, યોગેન્દ્ર શર્મા, વિનોદ શાહ, મનસુખ માટવિયા, કસ્તૂરબેન પટેલ સહિત મોટી સંખ્યામાં રૉટરી ક્લબના સભ્યો જોડાયા હતા.